**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**યુનિવર્સિટી ભવન**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ–૩૮૮ ૧૧૦**

ડૉ.અરૂણ પટેલ
વિસ્તરણ શિક્ષણ નિયામક

ફોનઃ ૦૨૬૯૨–૨૬૨૩૧૬ ફેકસ : ૦૨૬૯૨–૨૬૨૩૧૭
મો. ૯૯૯૮૦૦૯૯૬૨ E.mail : dee@aau.in

---

જા.નં. આકૃયુ/વિશિનિ/પ્રકાશન/પુસ્તક/ ૬૮૫૬ /૨૦૧૯ તા.૨૯/૦૧/૨૦૧૯

પ્રતિશ્રી,

આણંદ કૃષિ યુનિવર્સિટીના

સર્વે તાંત્રિક કર્મચારીઓ

વિષયઃ 'કૃષિગોવિદ્યા' સામયિકમાં બોક્સ આઈટમ ધ્વારા કૃષિ અને તેને સંલગ્ન માહિતી મોકલી આપવા બાબત..

સંદર્ભઃ તંત્રીમંડળની તા.૧૬/૦૧/૨૦૧૯ ના રોજ યોજાયેલ ૧૩મી બેઠકની કાર્યનોંધ

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે તંત્રીમંડળની ૧૩મી બેઠકમાં નક્કી થયા મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે તાંત્રિક કર્મચારીઓને 'કૃષિગોવિદ્યા' સામયિકમાં આપના વિષયને લગતી ખેડૂતોપયોગી થાય તેવી સંશોધન આધારીત માહિતી બોક્સ આઈટમ રૂપે ઇ-મેઇલથી aaunews@aau.in ઉપર મોકલી આપવા વિનંતી છે.

આ સાથે સામેલ નમૂના મુજબ અથવા આપને યોગ્ય લાગે તે પ્રમાણે ફોટા સહિત માહિતી તૈયાર કરી મોકલી આપવા વિનંતી છે.

સામેલઃ નમૂના મુજબ

વિસ્તરણ શિક્ષણ નિયામક

D:\Publication 2018-19\લેટર્સ.docx

હાલમાં આપણા રાજ્યમાં તીવ્ર ગતિએ ગુલ્લીદંડા નીંદણ પ્રસરી રહ્યું છે જે ભવિષ્યમાં ખેડૂતો માટે આર્થિક રીતે ઘણું નુકસાનકારક બની જશે. ઘઉંના ખેતરોમાં જ્યાં આ નીંદણ જોવા મળે કે તુરંત તેને ફૂલ અને બીજ આવે તે પહેલાં ઉખાડી, બાળી કે ઊંડે દાટીને નાશ કરવો ખેડૂતોને સજાગ કરવા તથા સતત માર્ગદર્શન આપવું.

વધુમાં ઘઉંના પાકમાં ખેડૂતો દ્વારા વર્ષોથી ૨,૪ ડી અને મેટસલ્ફયુરોન-મિથાઈલ જેવા એકના એક નીંદણનાશકોનો સતત ઉપયોગ કરવાથી ગુલ્લીદંડા, કુતરીયુ અને ડુંગળો જેવા એકદળી વર્ગના નીંદણોનો ઉપદ્રવ વધતો જાય છે. આથી એકદળી અને દ્વિદળી તમામ નીંદણોના અસરકારક નિયંત્રણ માટે બજારમાં નીંદણનાશકોના કેટલાક તૈયાર મિશ્રણ સીઆઈબી એન્ડ આરસી હેઠળ રજીસ્ટર્ડ થયેલ છે, જેનો ઉપયોગ ઘઉંના પાકમાં તમામ પ્રકારના નીંદણોના વ્યવસ્થાપન માટે કરી શકાય તેમ છે જેની માહિતી કોઠામાં દર્શાવેલ છે.

**ઘઉંના પાકમાં ઉપયોગમાં આવી શકે તેવા નીંદણનાશકોના તૈયાર મિશ્રણોની માહિતી**

| નીંદણનાશકનું નામ (બજારૂ નામ) | નીંદણનાશનું પ્રમાણ (ગ્રામ સક્રિય તત્વ/હે) | બજારૂ નીંદણનાશકનું પ્રમાણ (ગ્રામ અથવા મિ.લિ./હે.) | વાવણી બાદ નીંદણનાશક છાંટવાનો સમય | નોંધ |
|---|---|---|---|---|
| સલ્ફોસલ્યુરોન (૭૫%) + મેટસલ્ફયુરોન મિથાઈલ (૫%) WG (ટોટલ) | ૩૦ + ૨ | ૪૦ | ૨૫-૩૦ દિવસે | ગુલ્લીદંડા અને જંગલી ઓટ સહિત મોટા ભાગના એકદળી અને દ્વિદળી નીંદણનું વ્યવસ્થાપન કરવા |
| ક્લોડીનાફોપ પ્રોપરગીલ (૧૫%) + મેટસલ્ફયુરોન મિથાઈલ (૧%) WP (વેસ્ટા) | ૬૦ + ૪ | ૪૦૦ | ૩૫ દિવસે | ગુલ્લીદંડા અને જંગલી ઓટ સહિત મોટા ભાગના એકદળી અને દ્વિદળી નીંદણનું વ્યવસ્થાપન કરવા |
| મેસોસલ્ફયુરોન - મિથાઈલ (૩%) + આયોડોસલ્ફયુરાન-મિથાઈલ સોડિયમ (૦.૬%) WG (એટલાન્ટીસ) | ૧૨ + ૨.૪ | ૪૦૦ | ૨૫-૩૦ દિવસે | ગુલ્લીદંડા અને જંગલી ઓટ સહિત મોટાભાગના એકદળી અને દ્વિદળી નીંદણનું વ્યવસ્થાપન કરવા |

## ગલગોટા પાકમાં અંતઃસ્ત્રાવોનો છંટકાવ કરો



આફ્રિકન ગલગોટા ફૂલપાકના છોડ ઉપર સાયકોસેલ ૭૫૦ મિ.ગ્રા./લિટરના બે છંટકાવ (પ્રથમ છોડની ફેરરોપણી પછી ૩૦ દિવસે અને બીજો છંટકાવ છોડની ફેરરોપણી પછી ૪૫ દિવસે) કરવાથી ફૂલોનું વધુ ઉત્પાદન, ફૂલોની લાંબા સમય સુધી ટકાઉશક્તિ અને વધુ મહત્તમ ચોખ્ખો નફો મળે છે.

- ડૉ. એચ. એચ. સીતાપરા (મો. ૯૭૨૫૦ ૩૦૮૮૩) અને
ડૉ. એ. વી. કોટેચા (મો.૯૬૦૧૨ ૭૮૦૧૧)
બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ - ૩૮૮૧૧૦

**(ગ) આવરણ સાથે પિયત વ્યવસ્થા :**

જમીન ઉપરથી થતું પાણીનું બાષ્પીભવન ઘટાડી અને છોડના મૂળ વિસ્તારમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે તે માટે જમીન ઉપર આવરણ લગાડવામાં આવે છે. આવરણ તરીકે પ્લાસ્ટિક કે ખેતીના નકામા કચરાનો ઉપયોગ કરવામાં આવે છે. જમીન પર આવરણ કરવાથી નીંદામણ ઓછું થાય છે, જમીનમાં તાપમાન જળવાઈ રહે છે, તત્વોનું ધોવાણ અટકે છે અને જમીનના સંપર્કમાં આવવાથી બગડી જતા ફળો આ આવરણથી બચાવી શકાય છે. સૂકી અને અર્ધસૂકી ખેતી માટે જમીન આવરણ આશીર્વાદરૂપ છે કારણ કે જમીન પર આવરણ લગાડવાથી ૨૦ થી ૨૫ ટકા પાણીના બચાવની સાથે ૨૦ થી ૩૦ ટકા ઉત્પાદન વધારી શકાય છે.

ગુજરાતના અગત્યના શાકભાજી પાકોમાં પિયત ઉપર સંશાધન આધારિત થયેલ ખેડૂત ઉપયોગ ભલામણો કોઠામાં દર્શાવેલ છે.

**શાકભાજીના પાકોમાં આવરણ સાથે પિયત વ્યવસ્થાપન થયેલ સંશોધન ભલામણો**

| પાક | ભલામણ વિસ્તાર | આવરણ | ઉત્પાદનમાં વધારો ટકા* | નોંધ |
|---|---|---|---|---|
| રીંગણ | મધ્ય ગુજરાત | કાળુ પ્લાસ્ટિક | ૨૭ | ૮૦ ટકા નીંદામણ |
| | ઉત્તર ગુજરાત | દિવેલાની ફોતરી | ૧૪ | ભેજ સંગ્રહ અર્થે |
| | દક્ષિણ ગુજરાત | ઘાસ (૫. ટન/હે.) | ૪૪ | ચોમાસા પછી ભેજ સંગ્રહ અર્થે |
| મરચી | દક્ષિણ ગુજરાત | શેરડીની પતારી (૧૦ ટન/હે.) | ૧૪ | - |
| | | કાળુ પ્લાસ્ટિક (૫૦ માઈક્રોન) | ૬૨ | ૯૦ ટકા નીંદામણ નિયંત્રણ |
| ફલાવર | દક્ષિણ ગુજરાત | કાળુ પ્લાસ્ટિક (૫૦ માઈક્રોન) | ૩૩ | ૭૫ ટકા નીંદામણ નિયંત્રણ |
| ભીંડા | દક્ષિણ ગુજરાત | કાળુ પ્લાસ્ટિક | ૨૫ | ૯૦ ટકા નીંદામણ નિયંત્રણ |

* આવરણ વગરની માવજતની સરખામણીમાં ઉત્પાદનમાં વધારો

આમ ઉપરોક્ત પરિણામો જોતા કહી શકાય કે શાકભાજીના પાકમાં આધુનિક પિયત પદ્ધતિ તથા આવરણ અપનાવવાથી પાણીની બચત (૧૦ થી ૫૦ ટકા), ખાતરની બચત (૨૦ થી ૪૦ ટકા) નીંદામણમાં ઘટાડો (૭૦ થી ૯૦ ટકા) જેવા અગત્યના પાસાઓ સાથે પાક ગુણવત્તાસભર ઉત્પાદનમાં સારો એવો વધારો જોવા મળે છે. ખેતી ખર્ચમાં ઘટાડો અને એકંદરે ચોખ્ખા નફામાં વધારો થાય છે. આમ શાકભાજીમાં યોગ્ય પિયત વ્યવસ્થાપન અને મલ્ચિંગ ઘણી અગત્યની બાબત છે.

## બટાટા પાકમાં ટપક પદ્ધતિથી પિયત

મધ્ય ગુજરાતમાં ટપક સિંચાઈ પદ્ધતિ હેઠળ બટાટા ઉગાડતા ખેડૂતોને નવેમ્બર થી જાન્યુઆરી દરમ્યાન ૨૧ મિનિટ અને ફેબ્રુઆરી થી માર્ચ દરમ્યાન ૩૨ મિનિટ એકાંતરે દિવસે ટપક પદ્ધતિ ચલાવવાથી બટાટાનું વધારે ઉત્પાદન અને ચોખ્ખો નફો મેળવી શકાય છે તથા પાણીની ૨૮ % બચત થાય છે.


ટપક સિંચાઈ પદ્ધતિમાં બે પાઈપ વચ્ચે ૯૦ સે.મી. અંતર રાખી જોડીયા હારથી (૬૦ x ૩૦) x ૧૦ સે. મી. ના અંતરે બટાટા રોપવાથી અને બે જોડીયા હાર વચ્ચે લેટરલ ગોઠવી ૪ લિટર/કલાકની ક્ષમતાવાળા ટપકણાં ગોઠવવા અને ટપક પદ્ધતિ ૧.૨ કિ.ગ્રા./સેમી² દબાણે ચલાવવી.

- ડૉ. એચ. એચ. સીતાપરા (મો. ૯૭૨૫૦ ૩૦૮૮૩) અને
ડૉ. એ. વી. કોટેચા (મો.૯૬૦૧૨ ૭૮૦૧૧)
બાગાયત વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ - ૩૮૮૧૧૦

વધુ ઉપદ્રવ જણાય તો ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૧૫ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૫ મિ.લિ. અથવા ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી તેમાં ૧૦ ગ્રામ કપડાં ધોવાનો પાઉડર ઉમેરી છંટકાવ કરવો.


**જામફળ : ફળમાખી**

● વાડીમાં સ્વચ્છતા રાખવી તથા કોહવાઈ ગયેલા અને ખરી પડેલા ફળો ભેગા કરી તેનો નાશ કરવો. ● જામફળીની વાડીમાં અવાર-નવાર ઊંડી ખેડ કરવી. ● ઝાડની આજુબાજુ ગોડ કરેલ ખામણામાં ક્વિનાલફોસ ૧.૫ ટકા ભૂકી જમીનમાં આપવી જેથી કોશેટામાંથી નિકળેલ ફળમાખી દવાના સંપર્કમાં આવતાં જ તેનો નાશ થશે. ● મિથાઈલ યુજીનોલયુક્ત પ્લાયવૂડના ટુકડા (૨'' x ૨'') પ્રતિ હેક્ટરે ૧૬ની સંખ્યામાં સરખા અંતરે ઝાડની ડાળીએ લટકાવવા. આવા ટુકડા (બ્લોક) ૩ થી ૪ માસ સુધી અસરકારક રહે છે. ● ગોળ અથવા મોલાસીસ ૪૦૦ ગ્રામ + ડાયક્લોરવોસ ૭૬ ઈસી ૧૦ મિ.લિ. + ૧૦ લિટર પાણીમાં ભેળવી બનાવેલ વિષ પ્રલોભિકાના દ્રાવણનો મોટા ફોરે થોડા થોડા અંતરે શેઢા-પાળા પરના ઘાસ અને ઝાડ ઉપર ચારે બાજુ સાંજના સમયે ધાબા રૂપે છંટકાવ કરવો.



## મકાઈમાં મૂલ્ય વર્ધન

મકાઈના દાણામાંથી મીન્જ, ભ્રૂણ અને છાલને અલગ કરવા મિલિંગ પ્રક્રિયા કરવામાં આવે છે. ઔદ્યોગિક ધોરણે મકાઈનું મિલિંગ ભીની અને સૂકી પદ્ધતિથી કરવામાં આવે છે. ભીની પદ્ધતિ વડે મળતી મુખ્ય બનાવટોમાં સ્ટાર્ચ, સીરપ, હાઈ ફ્રુક્ટોઝ સીરપ, ડેક્સ્ટ્રોઝ અને મકાઈ તેલનો સમાવેશ થાય છે. જ્યારે આડ પેદાશોનો ઉપયોગ પશુઆહાર તેમજ અન્ય રીતે થાય છે. સ્ટાર્ચનો ઉપયોગ સામાન્ય રીતે અન્ય બનાવટોને ઘટ્ટ કરવા માટે તેમજ અન્ય ઉદ્યોગોમાં થાય છે. ખાદ્ય પદાર્થમાં જરૂરિયાત મુજબ પરિણામ મેળવવા મકાઈના સ્ટાર્ચમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે છે. બિસ્કીટ પાઉડર, ઈન્સટન્ટ મિક્સ પાઉડર, ચૉકલેટ, બેકરી પદાર્થો અને ખીરની બનાવટોમાં સ્ટાર્ચ વાપરવામાં આવે છે. પેપર અને ટેક્ષટાઈલ ઉદ્યોગમાં પણ સ્ટાર્ચ વપરાય છે. હાઈ ફ્રુક્ટોઝ કોર્ન સીરપનો ઉપયોગ મીઠાઈ, બેકરી, વિવિધ પ્રકારના સીરપ, પીણા, સરબત વગેરે જેવા ઉત્પાદનોમાં થાય છે. ડેક્સ્ટ્રોઝ તરીકે ખૂબ જ મોટા પાયે તેનો ઉપયોગ બેકરી પદાર્થોની બનાવટમાં થાય છે જેમાં તે ઈસ્ટ ન્યુટ્રીયન્ટનું કાર્ય કરે છે. આ ઉપરાંત તેનો ઉપયોગ કેનિંગ ઉદ્યોગમાં જામ, જેલી, સોફ્ટ ડ્રિન્ક્સ વગેરેની બનાવટમાં થાય છે. મકાઈના તેલનો ઉપયોગ ખાદ્ય તેલ તરીકે તેમજ માર્જેરીનમાં થાય છે. સૂકી પદ્ધતિ વડે મળતી બનાવટોમાં મેઈઝ મીલ, લોટ અને ગ્રીટ (કણી)નો સમાવેશ થાય છે. મીંજના ભાગોના માપ અને આકારને આધારે તેની ઉપયોગીતા જુદી જુદી જોવા મળે છે. મેઈઝ ગ્રીટનો ઉપયોગ ઘરગથ્થું તેમજ વ્યાપારીક ધોરણે ખોરાકમાં થાય છે. મકાઈ મીલનો ઉપયોગ ઈન્સ્ટન્ટ પાઉડર મિક્સની બનાવટમાં, મકાઈ બ્રેડની બનાવટમાં, કેકની બનાવટમાં તેમજ એક્સ્ટ્રુડેડ નાસ્તાની બનાવટમાં થાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ કોર્ન સોય મિલ્ક (દૂધ) અને કોર્ન સોયાબીન બ્લેન્ડમાં થાય છે.





- ડૉ. આર. આર. ગજેરા
બાગાયત કોલેજ, આકૃયુ, આણંદ - ૩૮૮૧૧૦ ● ફોન : (૦૨૬૯૨) ૨૬૪૦૭૬